અપીલ અરજી નં.૪૮૪ તા.૨૦–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧)હિલ્સ નર્સરી બાજુમાં અને એની સામે,પોપટ મોહલ્લા પાસે,પાલીયા શેરી, ટીમયાવાડ,નાનપુરામાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) સાંઈ તેજ એપાર્ટમેન્ટ પાસે,જૈન દેહરાસર નજીક,મહાવીર હોસ્પીટલ રોડ,સગરામપુરા રોડ,નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૮૪/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દાં.(૧)હિલ્સ નર્સરી બાજુમાં અને એની સામે,પોપટ મોહલ્લા પાસે,પાલીયા શેરી, ટીમલયાવાડ,નાનપુરામાં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે. સર્વે નં., પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) સાંઈ તેજ એપાર્ટમેન્ટ પાસે,જૈન દેહરાસર નજીક,મહાવીર હોસ્પીટલ રોડ,સગરામપુરા રોડ,નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૧૫૮૯ તા. ૨૮–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર નં.૧૩૩૮ તા.૩૦–૧૨–૧૧ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૨૦૦૧ તા.૧૨–૧–૧૨ થી નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આરટીઆઈ/આ. ૯૨૭ તા.૧૪–૧૧–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૧૫૮૯ તા.૨૮–૧૧–૧૧ થી આપેલ માહિતી ના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૭–૧–૧૨ નો પત્ર અત્રે મળેલ.

અરજદારના તા.૧૨–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી અઠવા ઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આરટીઆઈ/આ. ૯૨૭ તા.૧૪–૧૧–૧૧ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૧૫૮૯ તા.૨૮–૧૧–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) અનુ.નં.૧. હિલ્સ નર્સરી બાજુમાં અને એની સામે, પોપટ મોહલ્લા પાસે, પાલીયા શેરી, ટીમલીયાવાડ, નાનપુરા માં નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગ ને વિકાસ પરવાનગી આપવામાં આવી છે. સર્વે નંબર, પ્લોટ નં. આપવો? અનુ.નં.ર આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.૫ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો?

અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી? તેવા પ્રશ્નો બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન કચેરીથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહેતી હોઈ, ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૨) અનુ.નં.૧ સાંઈ તેજ એપાર્ટમેન્ટ પાસે, જૈન દેહરાસર નજીક, મહાવીર હોસ્પીટલ રોડ, સગરામપુરા, નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગ ને વિકાસ પરવાનગી આપવામાં આવી છ? સર્વે નંબર, પ્લોટ નં.આપવો? અનુ.નં.૨ આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.પ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી? તેવા પ્રશ્નો બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન કચેરીથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહેતી હોઈ, ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય. તેવુ સમય અવધિમાં જણાવેલ.

જે અંગે અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન /આરટીઆઈ/ આ.નં./ ૧૫૮૯ તા. ૨૮–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકક સેન્ટ્રલ ઝોનને આઈડી નંબર–૪૦૩ થી તેમના ધ્વારા પુરે પુરૂ નામ–સરનામુ આપવા છતાં અમને અમારો જવાબ આપવામાં આવ્યો નથી. અને અમારા સવાલની સામે અમોને સવાલ કર્યો (પોસ્ટ ઓફિસ, ફાયર , એમ્બ્યુલન્સ, ટેલીફોન,આરટીઓ એવી ઘણી અન્ય સરકારી સેવા જે એડ્રેસનાં આધારે ચાલે છે તે એડ્રેસને અમારા ધ્વારા થઈ શકે એટલું સહેલાઈ થી મળી શકે એ રીતે આપવામાં આવ્યું છતાં પણ અમને દિવસો વીત્યા બાદ વાડી તોડીને અમને સવાલ કરવામાં આવ્યો) શું દર્શાવેલી દરેક સરકારી સંસ્થાઓમાં દરેક જગ્યાએ શું ટી.પી. નંબર સર્વે નંબર, સીટ નંબર લીધા બાદ જ કાર્ય કરવામાં આવે છે. શું આરટી.આઈ –૨૦૦૫ મુજબ એવી કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી છે કે અધિકારી ધ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે. જો આ અધિકારીઓ ને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છીએ જેથી અમોને જવાબ મળવા પાત્ર છે. ત્યાર બાદ અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ / ૧૩૩૮ તા.૩૦–૧૨–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તેમ ના તા.૭–૧–૧૨ના પત્રથી (૧) બાંધકામ સ્થળે ડીસ્પ્લ ે બોર્ડ જ મુકવામાં આવ્યા નથી. (૨) મહાનગરપાલિકાના કોઈપણ અધિકારી કે કોઈ પણ વ્યકિત ધ્વારા માહિતી અધિકાર ને સમજવાના પ્રયત્ન કરવામાં આવ્યા નથી. કે નથી અમને લેટર લખી સ્પષ્ટતા કરવા માટે બોલાવવામાં આવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ./૧૫૮૯ તા.૨૮–૧૧–૧૧ થી તે અંગે સ્પષ્ટતા માંગેલ છે. વધુમાં અરજદારે અપીલમાં અધિકારીને સ્થળ ન મળતુ હોય તો જાતે સ્થળ બતાવવા તૈયાર છીએ તેવી રજુઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી. વધુમાં અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી યોજના કે આકારણી દફતર અથવા ટી.પી. દફતર ના માધ્યમતી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીને આપવા પ્રયત્ન થયેલ જણાતો નથી. જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન જાહેર માહિતી અધિકારી તરફથી પણ થયેલ જણાતો નથી.

## **હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય છે. તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સીટી સર્વે નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય તેમ હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ ૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજી ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પુરી પાડવા અને તેમ ન થઈ શકે તેમ હોય તો જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનનો પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ./૧૫૮૯ તા.૨૮–૧૧–૧૧ ના પત્રથી અરજદારને સુચીત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરાવવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા